# પેટ્રોલના ભાવમાં વધારો : ડીઝલમાં ઘટાડો

## પેટ્રોલની કિંમતમાં લિટર દીઠ ૬૪ પૈસાનો વધારો : ડિઝલમાં રૂ. ૧.૩૫નો ઘટાડો : વેટની સાથે ગાંધીનગર-અમદાવાદમાં પેટ્રોલના ભાવ લિટર દીઠ ૭૦.૫૫ રૂપિયા થયા છે, ડિઝલની કિંમતમાં ગુજરાતમાં ઘટાડો ૧.૬૦ રૂપિયા

નવી દિલ્હી, તા.૧૫ પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આજે ફરી એકવાર ફેરફાર કરવામાં આવ્યા હતા. આ ફેરફારના પરિણામ સ્વરૂપે એકબાજુ સતત ત્રીજી વખત ઓઈલ કંપનીઓએ પેટ્રોલની કિંમતમાં લિટર દીઠ ૬૪ પૈસાનો વધારો કર્યો છે. આ વધારો વેટ અને સેલટેક્સ સિવાયનો છે. ગુજરાતમાં આ વધારો વધુ લાગુ પડશે. કારણકે, ગુજરાતમાં વેટને ગણવામાં આવે તો પેટ્રોલમાં વધારો ૭૫ પૈસાનો રહેશે. બીજીબાજુ ડિઝલની કિંમતમાં આજે લીટર દીઠ ૧.૩૫નો ઘટાડો કરવામાં આવ્યો હતો. નવા રેટ ૧૬ જુનની મધ્યરાત્રિથી અમલી બનાવવાનો નિર્ણય કરાયો છે. સામાન્ય લોકોને તીવ્ર મોંઘવારીના વચ્ચે મિશ્ર પ્રતિસાદ આજે મળ્યો હતો. એકબાજુ પેટ્રોલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો હતો જ્યારે ડિઝલની કિંમતમાં ઘટાડો કરાયો હતો. અમદાવાદમાં આજના રેટમાં વધારો કરવામાં આવે તે પહેલાં પેટ્રોલના ભાવ લિટર દીઠ ૬૯.૮૦ રૂપિયા હતા. જેમાં હવે ૭૫ પૈસા ઉમેરાઈ જશે. આનો મતલબ એ થયો કે, સામાન્ય લોકોના ખિસ્સા પર ૭૫ પૈસાનો નવો બોજ વધશે. અમદાવાદમાં પેટ્રોલની કિંમત વધીને હવે ૭૦.૫૫ રૂપિયા થઈ જશે. આવી જ રીતે રાજ્યના અન્ય ભાગોમાં પણ આ કિંમત જુદી-જુદી રીતે લાગુ પડશે. રાજકોટ, સુરત, વડોદરામાં જે ભાવ હાલમાં છે તેમાં ૭૫ પૈસાનો ઉમેરો થશે. બીજીબાજુ ડિઝલની કિંમતમાં વેટ અને સેલ ટેક્સ સિવાય લિટર દીઠ ૧.૩૫નો ઘટાડો કરવામાં આવ્યો છે.પરંતુ ગુજરાતમાં આ ઘટાડો લિટર દીઠ ૧.૬૦નો રહેશે.

● અનુસંધાન પાન-૭ પર




**સુવિચાર : જમાનાને નવો ચીલો ચાતરીને ચાલનાર વ્યક્તિ ગમે છે, બસ તમે એ ચીલો ચાતરવાનું શરૂ કરો, દુનિયા તમારી પાછળ ચાલી આવશે - મોરારિ બાપુ**


આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૯૭ ૧૬ જૂન, ૨૦૧૫, મંગળવાર ; જેઠ વદ - ૦)) પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# વરસાદની ચાતક નજરે રાહ જોતા ખેડૂતો

**ધીમી ગતિએ ખરીફ વાવણીનો પ્રારંભ : સાત હજાર હેક્ટરમાં વાવણી સંપન્ન : પિયત વિસ્તારમાં પાંચ હજાર હેક્ટરમાં કપાસનું વાવેતર થયું : એક સપ્તાહમાં સમગ્ર જિલ્લામાં વાવણીલાયક વરસાદ થવાની ખેડૂતોને આશા**

ગાંધીનગર, તા. ૧૫ ગાંધીનગર જિલ્લામાં વરસાદની ખેડૂતો ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે તો પિયતની સુવિધા ધરાવતા ખેડૂતોએ પણ ધીમી ગતિએ વાવણીનો પ્રારંભ કર્યો છે.

જિલ્લામાં ખરીફ ઋતુની વાવણીનો ધીમી ગતિએ આરંભ થયો છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સાતેક હજાર હેક્ટરમાં વાવેતર થયું છે. જે વિસ્તારમાં પિયતની સુવિધા ઉપલબ્ધ છે તેવા ખેડૂતોએ વાવણીનો ધીમી ગતિએ આરંભ કર્યો છે.

અરબી સમુદ્રમાં આવેલા અશોબા ચક્રાવાત પછી રાજ્યમાં જે રીતે ધીમી ગતિએ ચોમાસુ વિસ્તરી રહ્યું છે તેને લઈ ખેડૂતો આ ચોમાસુ સમયસર શરૂ થઈ જશે તેમ માની રહ્યા છે અને એટલે જ હવે તેઓ વરસાદી આગામી સપ્તાહમાં આવશે તેમ માની ખેતીમાં કામે લાગ્યા છે.

ખેડૂતો આ વખતે કપાસ ઉપરાંત શાકભાજી અને ઘાસચારાના પાકોના વાવેતર માટે મન બનાવી ચુક્યા હોવાનું મનાઈ રહ્યું છે. તંત્રએ તો આ વખતે પણ જિલ્લામાં ૧ લાખ ૬૦ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થવાના અંદાજો સાથેનું પાક આયોજન તૈયાર કરી દીધુ છે.

જિલ્લામાં ખેડૂતો સામાન્યતઃ આકાશી ખેતીને જ શ્રેષ્ઠ ખેતી માની રહ્યા છે અને જે રીતે વરસાદ પૂર્વેનું વાતાવરણ બનવું જોઈએ તે બન્યું હોવાનું જણાવી સમયસર સારો વરસાદ થશે તેમ માની રહ્યા છે.

જિલ્લામાં હાલ જે સાત હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે તેમાં ૫ હજાર હેક્ટર વિસ્તારમાં કપાસના પાકનું વાવેતર થયું છે. જો કે આ સામે શાકભાજીનું વાવેતર એક હજાર હેક્ટર વિસ્તારમાં થયું છે તો જુવાર ઘાસચારો અને અન્ય પાકોનું વાવેતર એક હજાર હેક્ટર વિસ્તારમાં થયું છે. આ વાવેતરમાં પિયત વિસ્તારમાં વધુ વાવેતર થયાનું જણાયુ છે તેમજ આ જ ટ્રેન્ડ આ સિઝનમાં રહેશે તેમ મનાઈ રહ્યું છે.

ખેડૂતો હાલ વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે. વાતાવરણમાં જે બદલાવ આવ્યો છે અને તાપમાનમાં જે ઘટાડો નોંધાયો છે તેમજ બફારાનું પ્રમાણ વધતાં આગામી એક-બે દિવસમાં સમગ્ર જિલ્લામાં વરસાદ થઈ જશે અને એકાદ સપ્તાહમાં વાવણીલાયક વરસાદની આશા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.



વિશ્વ યોગ દિવસનું કાઉન્ટ-ડાઉન - ગાંધીનગરમાં ઠેર ઠેર આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે યોગના તાલીમ વર્ગો આરંભાયા છે.



સર્કલ મરામત - ગાંધીનગરના હાર્દસમા ચ-૩ સર્કલનું નવેસરથી આધુનિકરણ થઈ રહ્યું છે. સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા વિકસાવાતુ સર્કલ નવા રૂપ-રંગ સાથે નિર્માણ થઈ રહ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે મનપાની સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૧૫ ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળનારી સામાન્ય સભામાં નાણાંકીય વર્ષ ચાલુ થઈ ગયાને અઢી માસ જેટલા સમય બાદ બજેટને બહાલી આપવાની ઔપચારિકતા પૂર્ણ કરી દેવાશે.

મહાનગરપાલિકામાં બજેટ પર ચર્ચા કરવા સભ્યોને પુરતો સમય આપવાની માંગ કોંગીના સિનીયર સભ્ય અને સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણ પટેલે કમિશનરને પત્ર લખીને કરી છે.

મનપાની આજની સામાન્ય સભામાં બજેટની બહાલી એ આમ તો સામાન્ય ઔપચારિકતા છે. નાણાંકીય વર્ષ આરંભાઈ ગયાના અઢી મહિના બાદ સામાન્ય સભામાં આ રજુ થનાર છે.

મનપાની સામાન્ય સભા બોલાવવાના મુદ્દે કોર્ટના સ્ટેને લઈ બેઠક મળતી ન હતી. આ સંજોગોમાં સ્ટેન્ડીંગ કમિટીએ મંજૂર કરેલ બજેટને જ આખરી ગણવામાં આવતું હોય છે.

કોંગ્રેસ પક્ષે બજેટને લઈ કાઉન્સીલરો પ્રવિણ પટેલ અને પિન્કીબેન પટેલના નામે ૨૫ જેટલી દરખાસ્તો રજુ કરી છે. આ ઉપરાંત કેટલાક અન્ય સભ્યોએ પણ રજુઆત કરવા માટેની તૈયારીઓ કરી હોવાથી પ્રવિણ પટેલે સભ્યોને સમય આપવા માંગ કરી છે. તેમણે તો બજેટ માટે બે દિવસની બેઠક રાખવા પણ સૂચવ્યું છે.

મનપાની આ બેઠકમાં ભાજપે પણ સ્થાયી સમિતિએ મંજૂર રાખેલ બેઠકને બહાલ રાખવાની દરખાસ્ત રાકેશ પટેલના નામે રજુ કરી છે તેથી મતદાન કરીને જ બજેટ પસાર કરાય છે કે ચર્ચાને અંતે પસાર કરાય છે તે જોવાનું રહે છે.

## એક કરોડથી વધુ સૌર ઊર્જા યુનીટોનું ઉત્પાદન કરી ગાંધીનગર દેશમાં અગ્રેસર

# ગાંધીનગરમાં પાંચ મેગાવોટ છત આધારિત સૌર ઊર્જા વીજમથકનું લોકાર્પણ





ગાંધીનગર, તા. ૧૫ ગાંધીનગર સ્થિત પાંચ મેગાવોટ છત આધારિત ગ્રીડ કનેકટેડ સૌર ઊર્જા પ્રોજેક્ટ્સને રાષ્ટ્રને સમર્પિત કરવા સબંધે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે પ્રદુષણ રહિત વીજ ઊર્જાના ઉત્પાદન ક્ષેત્રે લોક ભાગીદારીને વધુને વધુ પ્રાધાન્ય આપવા હંમેશા પહેલ કરી છે. જેના ભાગરૂપે ગાંધીનગર ખાતે દેશનાં સર્વપ્રથમ છત આધારિત ગ્રીડ કનેકટેડ સૌર ઊર્જાના પાંચ મેગાવોટના પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી રહ્યાં છે.

મંત્રીશ્રીએ ગાંધીનગર સ્થિત છત આધારિત ગ્રીડ કનેકટેડ સૌર ઊર્જા પ્રોજેક્ટસ વિશે વિશેષ માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે અગાઉ વર્ષ ૨૦૧૦માં દેશની પ્રથમ એવી પાંચ મે.વો.ની છત આધારિત ગ્રીડ કનેકટેડ સૌર ઊર્જા ઉત્પાદન યોજના રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે સ્થાપવા સૈધ્ધાંતિક મંજુરી અપાઈ હતી. જેમાં નાના મકાનોની છત ઉપર ૧ કિલોવોટથી લઈને ૧૦૦ કિલોવોટની ક્ષમતાના સૌર ઊર્જા ઉત્પાદન એકમો સ્થાપવા પ્રોત્સાહન અપાયું હતું. દરમિયાન વર્લ્ડ બેન્કની તકનીકી મદદથી એક સક્ષમ યોજનાનું આયોજન કરાયું હતું. આ યોજના હેઠળ આ પ્રોજેક્ટને ૨.૫ મેગાવોટના બે વિભાગમાં વહેંચવામાં આવ્યા હતા. અને જેટલું વીજ ઉત્પાદન થાય તે વીજ વિતરણ કંપનીને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાત્મક ધોરણે નક્કી કરેલાં દરે આપવામાં આવશે તેવું નક્કી કરાયું હતું. આ ઉપરાંત પ્રોજેક્ટ ડેવલપરે પ્રોજેક્ટ સ્થાપવા અને જાળવણી કરવાનું અને જે મકાન માલીકે પ્રોજેક્ટ માટે પોતાના મકાનની છત આપી હોય તેમને ઉત્પાદન થયેલ પ્રતિ સૌર વીજ યુનિટ દિઠ રૂ. ૩ ગ્રીન ઈન્સેન્ટીવ તરીકે આપવાનું નક્કી કરાયું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ પ્રજેક્ટ માટે આંતરરાષ્ટ્રીય ભાવ મુજબ દરખાસ્ત મંગાવી બે ડેવલપર મે. અઝુર પાવર અને અવન્થા સોલાર પારવ - મે. સન એડીસન પસંદ થયા હતા. જેમની સાથે એપ્રીલ-૨૦૧૨માં વીજ ખરીદ કરાર ટોરેન્ટ પાવર કંપની દ્વારા કરવામાં આવ્યા હતા. આ યોજના અંતર્ગત માર્ચ-૨૦૧૩ સુધીમાં નક્કી થયેલી લગભગ બધી છત ઉપર પ્લાન્ટ સ્થાપી દેવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગુજરાત પાવર કોર્પોરેશન લિ. દ્વારા પણ ૭૫૦ કિ.વો.ની વીજ ક્ષમતાના પ્રોજેક્ટ ગાંધીનગર સ્થિત સરકારી મકાનો ઉપર સ્થાપવામાં આવ્યા હતા.

ગાંધીનગર સ્થિત ગુજરાત પાવર કોર્પોરેશન લિ. દ્વારા નિર્મિત પાંચ મેગાવોટ છત આધારિત સૌર ઊર્જા વીજમથકોના લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત રહેલા ઊર્જા અને પ્રેટ્રોકેમિકલ્સ વિભાગના રાજ્ય મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ સૌર વીજમથકોથી ગુજરાતે સમગ્ર દેશને ગ્રીન એનર્જી-કલીન એનર્જીના ઉત્પાદન માટે પ્રેરણા

● અનુસંધાન પાન-૭ પર

### સેક્ટર-૧૯ના રહેણાંક વિસ્તારમાં શુભારંભ

શહેરના સેક્ટર-૨૧ જીમખાના ખાતે ઉદ્યોગમંત્રી સૌરભભાઈ પટેલે સૌર ઉર્જા પ્રોજેક્ટનો શુભારંભ કરાવ્યો હતો. ત્યાર બાદ સૌરભભાઈએ રહેણાંક વિસ્તારમાં પણ શુભારંભ કર્યો હતો. સેક્ટર-૧૯ પ્લોટ નં. ૧૩૧માં રહેતા કાર્યપાલક ઈજનેર ભરતભાઈ પંડ્યાના ઘરે સૌરઉર્જા પ્રોજેક્ટનો શુભારંભ કરાવી નિરીક્ષણ કર્યું હતું. વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતે વીજ આધઆરીત સૌર ઉર્જા ક્ષેત્રે સમગ્ર દેશને રાહ ચીંધી છે. ત્યારે ગુજરાત ગૌરવ અનુભવે છે. આ પ્રસંગે રાજ્યમંત્રી ગોવિંદભાઈ પટેલ સહિત અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સીમાંકન અને ફરજીયાત મતદાનના મુદ્દે આજે પંચાયત પરિષદમાં ચિંતન થશે

## પંચાયતોની ચૂંટણી પૂર્વે પંચાયત પરિષદની આખરી બેઠક


ગાંધીનગર, તા.૧૫ ગુજરાતમાં આવી રહેલી પંચાયતોની ચૂંટણીને લઈ મહત્વની ચર્ચાઓ આજે ગાંધીનગર ખાતે મળનારી પ્રદેશની પંચાયત પરિષદમાં થશે.

રાજય ચૂંટણી પંચ દ્વારા ૨૦૧૧ની વસ્તીને ધ્યાને રાખી કરાયેલા નવા સીમાંકન અંગેના પ્રાથમિક આદેશો તેમજ સરકાર દ્વારા ફરજીયાત મતદાનના અમલીકરણ અંગેની ચાલી રહેલી વિચારણા સંદર્ભે ચર્ચાઓ થશે.

પંચાયત પરિષદની આ મહત્વની બેઠકમાં દરેક જિલ્લાના નવી સીમાંકનને લઈ ખુલ્લા મને ચર્ચાઓ થશે. ખાસ કરીને આ બેઠકમાં રોટેશનમાં કોઈ જ ફેરફાર ન કરાતાં તીવ્ર ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યું છે.

સરકાર દ્વારા ફરજીયાત મતદાન અંગેની અસમંજસતા છે તેવા

● અનુસંધાન પાન-૭ પર

શિવબાબા તાંત્રિક

૮ કલાકમાં શિવમણી દ્વારા મેલીવસ્તુનો નિકાલ, પ્રેમભંગ, છુટાછેડા, દારૂ છોડાવો, વિદેશયોગ, મુઠચોઠ, સંતાનપ્રાપ્તિ, ફસાયેલા નાણાં, વિઝા પ્રોબ્લેમ, નજરદ્રષ્ટી, પ્રેમીપંખીડા, દરેક વાત ગુપ્ત રહેશે.

૩ કલાકમાં શિવમણી દ્વારા વશીકરણ મુઠચોટ

અશક્યને શક્ય કરનાર, ચેલેન્જથી કામ કરનાર, મારા કામની લાઈફ ટાઈમ ગેરન્ટી

ગુપ્તધનના જાણકાર 9724838156

અમદાવાદ